અપીલ અરજી નં.૨૦૪ તા.૩–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી ગણપતભાઈ ચપલોત
સામાવાળા:– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગણપતભાઈ ચપલોતની તા.૨૮–૪–૧૧ની અરજીથી પ્લોટ નં.૨૩–એ, ૨૪––એ માણેક પ્લાઝા ગાયત્રી સોસા.–૨, ઉધના, સુરત ના મંજુર થયેલ પ્લાનની નકલની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૦૪/૨૦૧૧–૧૨

શ્રી ગણપતભાઈ ચપલોતની તા.૨૮–૪–૧૧ની અરજીથી પ્લોટ નં.૨૩–એ, ૨૪––એ માણેક પ્લાઝા ગાયત્રી સોસા . –૨, ઉધના, સુરત ના મંજુર થયેલ પ્લાનની નકલની માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન./ ટેક / ૨૧૯ તા. ૮–૭–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે અરજદારને આરટીઆઈ એકટ હેઠળ અરજીથી માહિતી માંગેલ છે કે કાર્યવાહી કરવાની રજૂઆત છે તે અંગે પણ દફતરી હકીકત આધારસહ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૭ તા.૯–૮–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમણે મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી શી બાબતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા તથા તકરાર નિવારણ માટે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૬૧ તા.૮–૯–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૨૧૯ તા.૮–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૮–૪–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ ટેક./૨૧૯ તા.૮–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતનો પ્લાન દફતરી રેકર્ડમાં ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીએ માહિતીના પ્રત્યુત્તરમાં " પ્રશ્નવાળી મિલ્કતનો પ્લાન અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી " તેવું જણાવેલ છે. પરંતુ દફતરના નાશ કે નિકાલની વિગતો બાબતે કોઈ પ્રકાશ પાડેલ નથી. પ્લાન મંજુરી રજીસ્ટરે આવી કોઈ વિગતો છે કે કેમ? તેવી પણ કોઈ વિગતો અરજદારને આપેલ માહિતીમાં કે અપીલ તબકકે જણાવેલ નથી. જે જણાવવી રહે. માણેક પ્લાઝાના ફલેટ હોલ્ડરો ધ્વારા ઝોનલ ઓફિસરને વારંવાર જાણ કરવા છતાં તા.૨૫–૨–૧૧ ના રોજ ગેરકાયદેસર બનાવેલ દુકાનનું ડીમોલીશન કરવામાં આવેલ હતું ત્યાર બાદ કોઈ પગલા લેવાયેલ નથી સદર જગ્યાએ પાર્કીગની જગ્યામાં કરેલ બાંધકામ રોકાણ દુર કરી પાર્કીગ સ્પેસ કરી આપવા રજૂઆત કરેલ છે. તેમજ તેમની બિલ્ડર વચ્ચેની તકરાર નિવારણને લગતી રજુઆત કરેલ છે. આમ અરજદારે અપીલમાં માહિતી બાબતે નહીં પરંતુ અપીલ તબકકે કાર્યવાહીને તથા તકરાર નિવારણને લગતી જણાય છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૪–૧૧ ની અરજીથી માંગેલ માહિતી સ્પષ્ટ રીતે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ ન હોઈ પ્લાન મંજુરી રજીસ્ટર ચકાસી દફતર ઉપલબ્ધ હકીકત અરજદારને જણાવવા અગર પ્લાન રજૂ થયેલ હોય અને તેવા દફતરનો નાશ થયેલ હોય તો તે અંગેની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની અપીલમાંની પાર્કીગ સ્પેસ સહિતની ફરીયાદલક્ષી બાબતે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂ કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ગણપતભાઈ ચપલોત,